વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



કાંતિલાલ સાકરલાલ ભટ્ટ
(૧૯૨૨)ફોન : ૨૩૨૨૮૦૭૫

મનુભાઈ લવજીભાઈ સાવલીયા
(૧૯૩૬)ફોન : ૨૩૨૨૩૫૭૧

સ્વ. એન. કે. પી. સાલ્વેને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી એન. કે. પી. સાલ્વેના અવસાન અંગે ઉંડા આઘાત અને દુઃખની લાગણી વ્યકત કરી છે.

સ્વ. એન. કે. પી. સાલ્વેના પુત્ર શ્રી હરિશ સાલ્વેને પાઠવેલા શોકસંદેશામાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વ. સાલ્વેના શોકસંતઙ્ગ પરિવારને સાંત્વના પાઠવતા જણાવ્યું છે કે ભારતે એક દ્રષ્ટિ સંપન્ન અને સંનિષ્ઠ રાજપુરૂષ ગુમાવ્યા છે. સ્વ. સાલ્વેની પ્રખર રાષ્ટ્રભકિત અને દેશ સેવાની લગન પ્રેરણાસ્ત્રોત સમાન છે તેમ તેમણે શોક સંદેશામાં સ્વ. સાલ્વેને શ્રધ્ધાંજલિ પાઠવતા જણાવ્યું છે.

હાઈકોર્ટમાં મહાવીર જયંતિના દિવસે વધારાની રજા જાહેર

ગાંધીનગર, તા. ૨

રાજયની વડી અદાલતમાં તા. ૫, એપ્રિલ, ૨૦૧૨ને ગુરૂવારના દિને મહાવીર જયંતિની વધારાની રજા જાહેર કરવામાં આવી છે. રાજયની હાઈકોર્ટ અને તેને સંલગ્ન કચેરીઓમાં આ રજા જાહેર કરવામાં આવી છે તેની સામે તા. ૧૬ જૂન, ૨૦૧૨ને શનિવારના રોજ હાઈકોર્ટ અને સંલગ્ન કચેરીઓમાં અદાલતનું કામકાજ ચાલુ રહેશે તેમ રજીસ્ટ્રાર જનરલની યાદીમાં જણાવાયું છે.

લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળના ખાસ ભથ્થાંની જાહેરાત

ગાંધીનગર, તા. ૨

રાજય સરકારે લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ જે તે વ્યવસાય માટે નિયત કરેલા મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દર તા. ૧-૪-૨૦૧૨થી તા. ૩૦-૯-૨૦૧૨ સુધીના સમય માટે નક્કી કર્યા છે.

તદઅનુસાર ખાનગી સલામતી રક્ષક સેવાઓની રોજગારી માટે ખાસ ભથ્થાના દૈનિક દર રૂા. ૭૧.૮૦ તેમજ અગરબત્તી બનાવવાની રોજગારી સિવાયના દરેક વ્યવસાય માટે ખાસ ભથ્થાના દૈનિક દર રૂા. ૫૧.૮૦ નક્કી કરવામાં આવ્યો છે. આમ, દરેક વ્યવસાયમાં ખાસ ભથ્થાના દૈનિક દરમાં રૂા. ૧૦.૬૦નો વધારો થયો છે તેમ નાયબ શ્રમ આયુક્ત, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

આ માસના અંતમાં રાજ્યની વાર્ષિક યોજનાની મંજુરી માટે કેન્દ્રના આયોજન પંચ સમક્ષ પ્રેઝન્ટેશન કરાશે

ગાંધીનગર, તા. ૨

કેન્દ્રના આયોજન પંચ પાસે રાજ્યની આગામી વર્ષ ૨૦૧૨-૧૩ની વાર્ષીક યોજના મંજુરી અર્થે રજુ કરવા ગુજરાતના અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ આ માસના અંતમાં દિલ્હી જનાર હોવાનું જાણવા મળે છે.

આયોજન પ્રભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સમજાવ્યું હતું. જેમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યની આગામી વર્ષ-૨૦૧૨-૧૩ની રૂ. ૫૨ હજાર કરોડનું કદ ધરાવતી વાર્ષીક યોજના રજુ કરીને મંજુર કરવામાં આવી હતી.

વિધાનસભા ગૃહમાં વાર્ષીક યોજનાને મંજુર કરવામાં આવ્યા બાદ આ યોજનાના કદ માટે કેન્દ્રના આયોજન પંચ પાસે મંજુરી મેળવવાની રહે છે. આથી આ માસના અંતમાં ગુજરાતના મુખ્યમંત્રીના વડપણ હેઠળ અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ દિલ્હી જનાર છે.

કેન્દ્રના આયોજન પંચ પાસે રાજ્યની વાર્ષિક યોજનાના કદને મંજુર કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સાધવામાં આવેલ વિકાસ અને અમલમાં મુકવામાં આવેલ યોજનાઓમાં મેળવેલ સિદ્ધિઓને રજુ કરતું એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આયોજન પ્રભાગ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઉર્જા, પાણી, રસ્તા, બંદરો સહીતના કયા કયા ક્ષેત્રોમાં વિકાસ કરીને સિદ્ધિ હાંસલ કરી છે તે અંગેનો ચિતાર આપીને આ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવશે અને આ માટે કેટલા નાણાંની જરૂરીયાત રહેશે એ સહીતની બાબતોનો સમાવેશ આ પ્રેઝન્ટેશનમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની નાણાંકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આયોજન પંચ દ્વારા રાજ્ય સરકારોને વાર્ષિક યોજનાનું જે કદ રાખવામાં આવે છે તેને મંજુરી આપવામાં આવે છે. એટલું જ નહી રાજ્યની નાણાંકીય સદ્ધરતા સારી હોઈ તો રાજ્યોને વધુ નાણા ખર્ચ કરવા માટેની પણ મંજુરી આપવામાં આવતી હોય છે. ગુજરાતને દર વર્ષે આયોજન પંચ દ્વારા વધુ બે હજાર કરોડના ખર્ચની મંજુરી આપવામાં આવે છે.

જોષી કોહિનૂર ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટના ગુજરાતી મૅગેઝીન 'યશસ્વી'નું વિમોચન

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરમાં ડો. મનોહર જોષી સંચાલિત મુંબઈની જોષી કોહિનૂર ટેકનીકલ ઈન્સ્ટીટયૂટ **(JKTI)**ના ગુજરાતી મેગેઝિન યશસ્વીનું વિમોચન કર્યું હતું.

ડો. મનોહર જોષી ૧૯૬૩થી **JKTI**ની ટેકનીકલ શિક્ષણ સંસ્થાનું સંચાલન કરે છે જેમાં ૬૦ જેટલા ટેકનીકલ પ્રશિક્ષણ અભ્યાસક્રમોમાં દર વર્ષે ત્રણ લાખ વિદ્યાર્થીઓ વ્યવસાયલક્ષી કૌશલ્ય મેળવે છે.

ગુજરાતમાં ટેકનીકલ શિક્ષણની છેલ્લા એક જ દશકમાં વધેલી ગતિશીલ સુવિધાઓની રૂપરેખા મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે આપી હતી. **JKTI** ગુજરાતમાં ૧૬ કેન્દ્રો ચલાવે છે અને તે વધારીને ૨૫ સુધી લઈ જવાની માહિતી **CMD ST** ઉન્મેશ જોષીએ આપી હતી.

ગુજરાતના યુવાનો માટે ટેકનીકલ શિક્ષણને એક છત્ર નીચે લાવીને ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી શરૂ કરી છે અને સમગ્ર રાજ્યમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ૪૦૦ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો ચાલી રહ્યા છે અને દર વર્ષે ૪૫ ટકા કન્યાઓ સહિત ૩ લાખ યુવાનોને કૌશલ્ય વર્ધન પ્રશિક્ષણ આપીને રોજગાર-વ્યવસાયના અવસર મળે છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ વર્ષે સ્વામી વિવેકાનંદજી દોઢસોમી જન્મજયંતીને યુવાશકિત વર્ષ તરીકે ઉજવીને ખાનગી ક્ષેત્રે સુનિશ્ચિત રોજગારીના વિવેકાનંદ રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું છે એની પણ મુખ્યમંત્રીશ્રીએ ભૂમિકા આપી હતી.

જોષી કોહિનૂર ટેકનીકલ ઈન્સ્ટીટયુટના પદાધિકારીઓ ગુજરાતમાં રોજગાર-કૌશલ્ય વર્ધન કાર્યકમોની સફળતાથી પ્રભાવિત થયા હતા.

આદિજાતિ-બિન આદિજાતિ વિસ્તારોમાં દશ આદર્શ શાળાઓ સ્થાપવામાં આવશે

ગાંધીનગર, તા.૨

રાજયના આદિજાતિ અને બિન આદીજાતિ વિસ્તારોમાં કુલ ૧૦ આદર્શ શાળાઓ શરુ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

રાજયના બાળકોના સર્વાંગી બૌધ્ધિક વિકાસ માટે આદર્શ શાળાઓ સ્થાપવામાં આવનાર છે આ માટે રાજય સરકારે રૂ. બે કરોડની જોગવાઈ કરી છે. આ દશ આદર્શ શાળાઓ રાજયના પાંચ આદિવાસી વિસ્તારના જિલ્લામાં અને બિન આદિજાતિ વિસ્તારના પાંચ જિલ્લાઓમાં સ્થાપવામાં આવનાર છે.

આદિજાતિ વિસ્તારમાં જે પાંચ સ્થળોએ આદર્શ શાળાઓ સ્થાપવામાં આવનાર છે તેમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નવા ફળિયામાં નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ખાતે, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના બાલચોડી ખાતે નવસારી જિલ્લાના વાંસદા ઉનાઈ ખાતે તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગુણસદા ખાતે આદર્શ શાળા સ્થપાશે.

આ ઉપરાંત બિન આદિજાતિ વિસ્તારમાં જે સ્થળોએ શાળા સ્થપાનાર છે તેમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ફીચોડ ખાતે અમરેલી જિલ્લાના રાજુલા ખાતે કડીયાળી ગામ ખાતે પાટણ જિલ્લાના સાંતલપુરના બાબરા ખાતે કચ્છ જિલ્લાના ભૂજ ખાતે વાંઢાળમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના સુરજદેવળ ખાતે આદર્શ શાળા સ્થાપવામાં આવશે.

રીલીફ રોડ પર વહેલી સવારની ઘટના

વિદ્યાર્થીને કચડી મારતાં લકઝરી બસની તોડફોડ

અમદાવાદ, તા.૦૨

શહેરના રીલીફરોડ પથ્થરકુવા ચોકી સામેથી પસાર થઈ રહેલા ૮ વર્ષના વિદ્યાર્થીને મીનીલકઝરી બસે કચડી માર્યો હતો. જેથી ઉશ્કેરાયેલા લોકોએ મીનીલકઝરી બસની ભારે તોડફોડ કરી પથ્થરમારો કર્યો હતો. જોકે પોલીસે તાબડતોબ ઘટના સ્થળે દોડી જઈ મામલો સંભાળી લીધો હતો. કારંજ પોલીસે ગુનો નોંધી લકઝરીબસના ચાલકની ધરપકડ કરી લીધી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે રીલીફરોડ પટવાશેરી ખાતે યાસીનભાઈ મલેક પોતાના પરિવાર સાથે રહે છે. આજે સવારે તેમનો ૮ વર્ષીય પુત્ર માયુદ્દીન વીજળી ઘર પાસે આવેલી રીપબ્લીક શાળામાં જઈ રહ્યો હતો. માયુદ્દીન રીલીફરોડ પથ્થરકુવા પોલીસચોકી પાસેથી પસાર થતો હતો ત્યારે પુરપાટ ઝડપે એક મીની લકઝરી બસ ધસી આવી હતી અને માયુદ્દીનને અડફેટે લેતા તે લોહીલુહાણ હાલતમાં જમીન પર પટકાયો હતો.

ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા અને મીનીલકઝરી બસની ઉપર પથ્થરમારો અને તોડફોડ શરૂ કરી દીધી હતી. બીજી તરફ ગંભીર રૂપે ઘાયલ માયુદ્દીનને સારવાર માટે વા.સા.હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં સારવાર વેળા તેનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં કારંજ પોલીસ મથકના પો.સ.ઈ. બી.કે. અંસારી અને પો.સ.ઈ. પંચાલા સહિતની ટીમ તાબડતોબ દોડી ગઈ હતી. પોલીસે તુરતં પરિસ્થિતિને કાબુમાં કરી લીધી હતી. હાલમાં ઘટના સ્થળે સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કારંજ પોલીસે ચાલક વિરુધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી લધી છે. આ અંગે ઘટનાસ્થળે હાજર પો.સ.ઈ. પંચોલાએ જણાવ્યું હતું કે હાલમાં પરિસ્થિતિ કાબુમાં આવી ગઈ છે અને ચાલકની ધરપકડ કરી લેવામાં આવી છે.

શહેરના ઓઢવ રીંગરોડ પર આવેલી ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ફાયરતંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી છે. જો કે ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડે આગને કાબુમાં કરી લીધી હતી. ઓઢવ રીંગ રોડ સર્કલ નજીક સફારી હોટલ પાછળ આવેલા સત્સંગ એસ્ટેટ સ્થિત ફેક્ટરીમાં ઓઇલના બેરેલોમાં આગ લાગી હતી. આગે રૌદ્ર સ્વરુપ ધારણ કરતા રપથી વધુ ફાયર ગાડીઓનો કાફલો તેમજ ફાયર અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. જોકે કોઇ જાન હાનીના સમાચાર હજી સુધી મળ્યા નથી.

નરોડામાં મકાનમાં ભીષણ આગ બાદ યુવાન દાઝયો

અમદાવાદ, તા.૦૨

શહેરના નરોડા આઈ.ટી.આઈ. નજીક ગેસસીલીન્ડર લીકેજ થતાં મકાનમાં ભીષણ આગલાગી હતી. જેમાં એક યુવાન દાઝી જવા પામ્યો છે. ઘટનાની જાણ થતાં ફાયર ટીમ તુરંત ઘટના સ્થળે દોડી ગઈ હતી.

ઘટનાની વિગત એવી છે કે નરોડા આઈટીઆઈ પાસેની સોસાયટીમાં કુમાર ચંદ્રલોક લોહાણા (ઉ.વ.૨૧) રહે છે. આજે સવારે ૬:૦૦ વાગે તેમના ઘરમાં ગેસસીલીન્ડર લીકેજ થતાં આગ લાગી હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા ફાયરટીમ દોડી ગઈ હતી. આગને કારણે કુમારભાઈ દાઝી જવા પામ્યા હતા. સારવાર માટે તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ફાયરબ્રિગેડે આગને તુરંત કાબુમાં કરી લીધી હતી.

આજે શાહપુરમાં શિક્ષા પ્રસાર યાત્રા નીકળશે

અમદાવાદ, તા.૦૨

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા માટે ૧૧ ફેબ્રુઆરીથી પ્રારંભ થયેલી શિક્ષા પ્રસાર યાત્રા શાહપુર વિસ્તારમાં ૩-એપ્રિલના રોજ શાહપુર મ્યુનિ. શાળા નં. ૫-૬થી નિકળશે.

આ શિક્ષા પ્રસાર યાત્રામાં સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. જગદીશ ભાવસાર, વાઈસ ચેરમેન ડૉ. હર્ષદ પટેલ, સ્કૂલ બોર્ડના સભ્યો, શાસનાધિકરી ડૉ. એલ.ડી. દેસાઈ સહિત બાળકો અને શિક્ષકો જોડાશે. શિક્ષા પ્રસાર યાત્રા શાહપુર દરવાજાથી પ્રસ્થાન કરી શંકરભુવનની સેવા વસ્તીમાં જઈ ખાનપુર દરવાજા, ભીલવાસ, ભરડીયાવાસ, શાહપુર મીલ કમ્પાઉન્ડ, પાંજરા પોળ, બકરાં પોળ, આર.સૂ.હાઈસ્કૂલ, ઔતમ પોળ, નાગોરીવાડ, દિલ્હી ચકલા થઈને શાહપુર મોઢવાળાની પોળ શાહપુર શા.નં. ૧-૨માં સંપન્ન થશે.

સર્કલ વિકાસની દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થીમ આધારિત વિકસાવવા નવતર પ્રયોગ હાથ ધરાયો હતો. જ્યારે આ કામગીરીના અંતે વિવિધ થીમના આધારે ડેવલોપ કરાયેલા સર્કલો મુખ્ય માર્ગોની ઓળખ બની ગયા હતા. થોડા સમય પૂર્વે સરકાર દ્વારા નગરના માર્ગો સહિત સર્કલોનું પણ નામાભિધાન કરવામાં આવ્યું હતું. શહેરમાં હાલ સ્થિત અંદાજિત ૨૬ જેટલા સર્કલો પૈકી પાંચ જેટલા સર્કલો હજુ પણ વિકાસના અભાવે નિરસ ભાસી રહ્યા છે. જેમાં છ-૬, ખ-૬, ક-૬ અને ગ-૬ તેમજ ગ-૧ના સર્કલોને વિકસાવવાની દરખાસ્ત સંદર્ભે પણ લાંબા સમયના અંતે કોઈ નિર્ણય લેવાયો નથી. જ્યારે ખ-૭નું સર્કલ વિકસાવવા એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયાની દરખાસ્તે મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ઘ-૬ના સર્કલ પણ પણ અક્ષરધામ દ્વારા વિકસાવવામાં આવનાર છે. જ્યારે ગ-૧ના સંગીત સર્કલને નામ કક્ષાએ ડેવલપ કરવા શિવરંજની સંસ્થાએ દરખાસ્ત કરી છે. પરંતુ આ મામલે હજુ સુધી મંજૂરી અપાઈ નથી. નગરના મુખ્યમાર્ગો પર હાથ ધરાયેલ સર્કલ વિકાસની યોજના બાદ ગ અને ખ માર્ગ સહિતના સર્કલોને નવા રૂપરંગ આપવા સંદર્ભે કોઈ આયોજન ન થતા ઉત્સુક સંસ્થાઓમાં પણ નારાજગી પ્રવર્તી છે. બાકીના સર્કલોનો પણ વિવિધ કન્સેપ્ટથી ડેવલોપ કરવાની માંગ પ્રબળ બની છે.

ટાંકી તૂટી પડતાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટાંકી તોડવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આ પાણીની ટાંકી તોડવાનું કામ ગઈકાલથી શરૂ થયું હતું. પરંતુ કોન્ટ્રાક્ટરે પાણીની ટાંકી જે ૪ પિલરો પર ઉભી હતી તે પિલરોને સૌ પ્રથમ કાપવાની શરૂઆત કરી હતી અને આજે મોડી સાંજે પાણીની ટાંકી તોડવાની કામગીરી ચાલુ હતી અને પાણીની ટાંકી એક જ મજબૂત પિલર પર ઉભી રહી હતી. તે સમયે મધ્યપ્રદેશના ગ્વાલીયરના ધોનીકા ગામના વતની ૨૩ વર્ષીય યુસુફખાન બસીરખાન પઠાણને કોન્ટ્રાક્ટરે આ પાણીની ટાંકી ઉપર ચઢવા કહ્યું હતું અને પોણા આઠના સુમારે આ એક પિલર પર ઉભેલી પાણીની ટાંકી અચાનક કડડભૂસ થઈ ભોંય ભેગી થઈ હતી. જેમાં ૨૩ વર્ષીય યુસુફખાન દટાઈ જતાં તેનું કરૂણ મોત ઘટનાસ્થળે જ થયું હતું.

યુસુફના લગ્ન લગભગ આશરે ત્રણેક માસ પહેલાં જ થયા હતા અને ઘટનાસ્થળે યુવાન યુસુફના પિતાના ડૈયાફાટ રૂદનથી સમગ્ર વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. અને રહિશોમાં કોન્ટ્રાક્ટર તરફ ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આ યુવાનના મૃત્યુ પાછળ કોન્ટ્રાક્ટરની ભૂલ હોવાનું સ્થાનિક રહિશોમાં ચર્ચાતુ હતું. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડ ઓફિસર મહેશ મોડ અને તેમનો સ્ટાફ પહોંચી ગયો હતો. સેક્ટર-૭ પોલીસ પણ તુરંત જ બનાવસ્થળે આવી ગઈ હતી અને કોન્ટ્રાક્ટરને ફોન લગાવવાનો પ્રયત્ન થયો હતો. પરંતુ કોન્ટ્રાક્ટરનો ફોન બંધ આવતો હતો. મોડી સાંજ સુધી પોલીસે કોન્ટ્રાક્ટરની શોધખોળ ચાલુ રાખી હતી.

સમાચાર ઝલક

- ચીખલી પાસે બે પેસેન્જરોને કારમાં બેલાડી 33 હજારની લૂંટ
- કરજણ નદીમાં ન્હાવા પડેલા બે યુવાનો ડૂબ્યા : એકનો બચાવ
- વડતાલમાં ૩૨૧મો શ્રી હરિ જયંતિ મહોત્સવ ઉજવાશે
- લીમખેડાના જૈન મંદિરમાં ચોરીથી ખળભળાટ
- લીલીયાના કાંકચમાં કપાસ ભરેલો ટ્રક અચાનક સળગ્યો
- લવારીમાં પોલીસ પર હૂમલો - બે કર્મચારીઓ ઘવાયા
- પાટણમાં ૨.૪૯ કરોડના ખર્ચે લેન્ડ રેકોર્ડ સર્વે ભવન બનશે
- બાયડના દખણેશ્વર મંદિરે ભમરાઓનો આતંક : ૨૮ને કરડ્યા
- ગાંધીધામમાં રેલ્વે ગુડ્સ સાઇડમાં રેલવે ટ્રકથી બે વેગન નીચે ઉતર્યા
- ભચાઉમાં દેરાસર-ઉપાશ્રયના ચોકીદાર પર રાત્રે ભેદી હુમલો
- સતત પાંચમા વર્ષે કંડલા નંબર વન મેજર પોર્ટ બન્યું
- ભૂજ તાલુકા પોલીસના લોક-અપમાં બુટલેગરે ઝેર પીધું
- સુરતની હીરાની પેઢીમાંથી વિશ્વાસુ કર્મચારીએ ૩૪ લાખના હીરા ચોર્યા
- વલસાડ-હાલર રોડ પર એસ.બી.આઇ.નું વધુ એક એટીએમ તોડવા પ્રયાસ
- સેલવાસથી ગુમ ત્રણ તરુણો દિલ્હીથી મળી આવ્યા
- જૂનાગઢ જિલ્લામાં દીપડાના હૂમલા રોકવા ગ્રામ્ય પંથકમાં પેમ્ફલેટનું વિતરણ
- કેશોદમાં કોન્સ્ટેબલે પકડેલાં પાંચ ટ્રેકટર માથાભારે શખ્સ છોડાવી ગયો
- જામનગરમાં ભાદરા પાટિયા પાસે બુટલેગરો દ્વારા પોલીસ કર્મચારીની હત્યાનો પ્રયાસ
- ડાકોરમાં ૨૧ લાખનું ઇનામ લાગ્યાની વાત કરી ગઠિયાએ ફુટની લારીવાળાના ૧૬ હજાર પડાવી લીધા

બુટલેગર પિતા-પુત્રોનો યુવાન ઉપર કરાયેલો જીવલેણ હુમલો

અગાઉની અદાવતમાં ગળાના ભાગે અને પેટના ભાગમાં છરીના ઘા ઝીંકી દીધા સરસપુર વિસ્તારમાં બનેલી ઘટના.

અમદાવાદ, તા.૦૨

શહેરના સરસપુર વિસ્તારમાં આવેલી હઠીસિંહ મીલની ચાલીના નાકે બુટલેગર પિતા-પુત્રોએ યુવાન પર જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. જોકે પોલીસે હજી સુધી બુટલેગરોની ધરપકડ કરી નથી.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે સરસપુરની સરસ્વતી સ્કૂલ પાસે આવેલી હઠીસિંહની મીલની ચાલીમાં નીરજ શ્રીકૃષ્ણભાઈ ગુપ્તા પોતાના પરિવાર સાથે રહે છે. ગઈકાલે સાંજે ૬ વાગ્યાના સુમારે નજીક હઠીસિંહ મીલની ચાલીના નાકા પર ઊભો હતો. ત્યારે બુટલેગર વિક્કી ઉર્ફે ગોવિંદ તેનો પુત્ર ઈલું અને કેતન નામનો શખ્સ ત્યાં ધસી આવ્યા હતા અને બે વર્ષ અગાઉ તારાભાઈએ કેમ મને માર્યો હતો તેમ કહી નીરજ ઉપર જીવલેણ હુમલો કરી દીધો હતો. ગોવિંદે પોતાની પાસે રાખેલી છરી વડે નીરજને ગળાના તેમજ પેટના ભાગે ઉપરા-છાપરી ઘા મારી દીધા હતા. જેથી નિરજ ગંભીર રૂપે ઘાયલ થવા પામ્યો હતો. ઘટનાની જાણ થતાં શહેરકોટડા પોલીસની ટીમ દોડી આવી હતી. શહેર કોટડા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અરસપરસ (પાના નં. ૪ નું ચાલુ)

ઊઠો, જાગો! ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં લગી મંડ્યા રહો!! 'આપણી એક જ મર્યાદા છે દોસ્તો!' મહાપુરૂષોને ભગવાન બનાવી દઇ તેની પૂજા કરવા લાગી જઇએ છીએ, અને વિવિધ સ્વરૂપો આપી આરતી ઉતારીએ છીએ, પણ પેલો ઉદ્બોધેલ જીવન સંદેશ ભૂલી જઇએ છીએ. વાત તો મંદિરોને સ્વચ્છ રાખવાની છે, હૃદય મંદિરને!

પ્રજાને ક્યાં સુધી મૂર્ખ બનાવ્યા કરશો હે રખેવાળો? ૧૯૮૪ નું શીખ વિરોધી ભૂત હજુ યે ધૂણે છે. ૨૦૦૦નો આગકાંડ હજુ યે અનિર્ણિતતાના ભોંયરે છે. બોફોર્સ કે કારગિલકાંડના શહીદોના કોફીનનું ખાટકી, ટુ-જી સ્પેકટ્રમ, ઘાસનો ગોટાળો, સંસદમાં ઉછળેલી હજારો નોટોનો વરસાદ, આતંકવાદીઓને માનભેર મૂકવા જવાનો - કંદહાર સુધીને બેશરમી પ્રયોગ - કરોડો રૂપિયાની ઉપજાઉ જમીનોને બે-ચાર મળતિયાઓ પધરાવી દેવાનો કારસો - યુધ્ધભૂમિનાં શસ્ત્રોમાં થતાં સોદાઓ થાય છે. હે ભગવાન! અમને વિચારવાની, ચિંતન કરવાની બુધ્ધિશક્તિ જ કેમ આપી? ને આપ્યું આ સંવેદના સભર-લાગણીભર્યું જીવન!! દેખવું ને દાઝવું!

...ત્યારે ગુરુદત્ત યાદ આવી જાય છે ને યાદ આવી જાય છે 'પ્યાસા' ફિલ્મ "જિન્હે નાઝ હૈ હિન્દ પર વો કહાં હૈ!" હું પણ પૂછું છું તમે ય પૂછો : 'જિન્હે નાઝ હૈ હિન્દ પર વો કહાં હૈ!'

તો -

જાંનિસાર અખ્તર ગાય છે તેમ...

યહ વક્ત ખોનેકા નહીં, યહ વક્ત સોનેકા નહીં
જાગો વતન ખતરેમેં હૈ, સારા ચમન ખતરેમેં હૈ
ફૂલોંકે ચહેરે જર્દ હૈ જુલ્મ્રેં ફિઝાકી ગર્દ હૈ
ઉમડા હુઆ તુફાન હૈ, ખતરે મેં હિન્દુસ્તાન હૈં!

અપની આઝાદી કો હમ હરગિઝ મીટા શકતેં નહીં, એમ સૂત્રો પોકારવાથી ઓછું રાષ્ટ્ર રક્ષણ થાય છે? રાષ્ટ્રની રક્ષા કાજે તો સ્વાપર્ણનું ઉંનું ઉંનું રક્ત સિંચવું પડે છે!

ક્યાં છે ભગતસિંગ, ક્યાં છે સુભાષ? પડે છે, ત્યારે સલ્લું પડે છે!!

આવજો!

- ભાનુપ્રસાદ પુરાણી